# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-12-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જૉર્ડનના પ્રવાસ બાદ ઇથોપિયા પહોંચ્યા
2. પ્રધાનમંત્રીએ આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરવાદ વિરુદ્ધ જૉર્ડનના દ્રઢ સંકલ્પની પ્રશંસા કરી
3. રાજ્યસભામાં ચૂંટણી સુધારા અંગેની ચર્ચા આજે પૂર્ણ થઈ
4. ઉત્તરપ્રદેશમાં બસ અકસ્માતમાં 13-ના મોત – રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું.
5. દુબઈમાં રમાયેલા એશિયા કપ ક્રિકેટમાં 19 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં મલેશિયાને હરાવી ભારત સેમિ-ફાઈનલમાં પહોંચ્યું

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM JORDAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇથોપિયાના બે દિવસના પ્રવાસે પાટનગર અદીસ અબાબા પહોંચ્યા છે. તેઓ ઇથોપિયાના પ્રધાનમંત્રી ડૉક્ટર એબી અહમદ સાથે દ્વિપક્ષીય સંબંધ અંગે ચર્ચા કરશે. શ્રી મોદી આવતીકાલે ઇથોપિયાની સંસદના સંયુક્ત સત્રને પણ સંબોધશે.

પ્રધાનમંત્રી મોદીનો ઇથોપિયાનો આ પહેલો પ્રવાસ છે. આ પ્રવાસ દ્વિપક્ષીય સહકાર મજબૂત કરવાની બંને દેશની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી છે. ઇથોપિયા વિકાસશીલ દેશમાં ભારતનું વિશ્વાસપાત્ર ભાગીદાર છે. બંને પક્ષના સંવાદમાં ખેતી, ખાણકામ, ડિજિટલ માળખાગત સુવિધા, સોલાર ગઠબંધન અને સાયબર સુરક્ષા પર ખાસ કરીને વાતચીત થશે.

આ પહેલા શ્રી મોદી બે દિવસ જોર્ડનના પ્રવાસે હતા. તેમણે અમ્માનમાં જોર્ડનના શાહ અબ્દુલ્લા દ્વિતીય ઈબ્ન અલ હુસૈન સાથે વ્યાપક સંવાદ કર્યો અને બંને દેશના ઉદ્યોગ પ્રમુખના વેપાર મંચને સંબોધિત કર્યું. દરમિયાન અનેક કરારને અંતિમ સ્વરૂપ અપાયું અને આર્થિક સહકાર વધારવાના ઉપાય પર વિચાર-વિમર્શ કરાયો.

પ્રધાનમંત્રીએ જોર્ડનની કંપનીઓને ભારતની સાથે ભાગીદારી અને તેના ગ્રાહક બજારનો લાભ ઉઠાવવા આમંત્રણ આપ્યું.

**(BYTE: PM NARENDRA MODI) START UP**

શ્રી મોદીએ આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરવાદ વિરુદ્ધ જોર્ડનના દ્રઢ સંકલ્પની પણ પ્રશંસા કરી.

**(BYTE: NEENA ON TERRORISM)**

----------

# RS APPROPRIATION BILL

રાજ્યસભામાં ચૂંટણી સુધારા અંગેની ચર્ચા આજે પૂર્ણ થઈ. રાષ્ટ્રવાદી કૉન્ગ્રેસ પાર્ટીના પ્રફૂલ્લ પટેલે કહ્યું, ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીન – EVMનો ઉપયોગ ચૂંટણીમાં પહેલા પણ થયો છે અને તેની સાથે ચેડા થઈ શકે છે તેવો કોઈ પુરાવો નથી. તેમણે કહ્યું, ચૂંટણી પંચે EVMમાં કોઈ પણ ગેરરીતિ સાબિત કરવા ખૂલ્લો પડકાર આપ્યો હતો, પરંતુ કોઈ આગળ આવ્યું નહીં. શ્રી પટેલે મતદાનના અધિકારને લોકો, દેશ અને લોકશાહીની શક્તિ ગણાવી.

જ્યારે તૃણમૂલ કૉન્ગ્રેસના ડૅરિક ઓ બ્રાયને SIR અંગે કેટલાક આક્ષેપ કર્યા હતા. ગૃહના નેતા જે. પી. નડ્ડાએ કહ્યું, S.I.R. ચૂંટણી પંચના બંધારણીય સત્તાઓ હેઠળ આવે છે. તેમણે કહ્યું, સમયાંતરે મતદાર યાદીમાં સુધારો અને સુધારણા કરવાની જવાબદારી પંચની છે.

શ્રી નડ્ડાએ ચૂંટણી પંચ અને સર્વોચ્ચ અદાલત જેવી બંધારણીય સંસ્થાઓને દેશની લોકશાહીના સ્તંભ ગણાવ્યા. તેમના સંબોધન બાદ ચર્ચા પૂર્ણ થઈ. બહુજન સમાજ પાર્ટીના રામજી, શિવસેના ઉદ્ધવ ઠાકરેનાં પ્રિયંકા ચતુર્વેદી સહિત અનેક સભ્યોએ આ ચર્ચામાં ભાગ લીધો હતો.

----------

## NEW WB SIR

પશ્ચિમ બંગાળમાં વિશેષ સઘન સુધારણા – S.I.R. પ્રક્રિયા બાદ મતદાર યાદીનો મુસદ્દો આજે જાહેર કરાયો. S.I.R.ના પહેલા તબક્કામાં પશ્ચિમ બંગાળમાં સાત કરોડ 66 લાખ 37 હજાર 529 મતદારોને સામેલ

કરાયા છે. તેમાંથી સાત કરોડ આઠ લાખ 16 હજાર 616 મતદારોના એટલે કે, 92 પૂર્ણાંક ચાર ટકા ગણતરી પત્રકનું ડિજિટલાઈઝેશન કરાયું છે.

S.I.R. પ્રક્રિયામાં 58 લાખથી વધુ ગેરહાજર, સ્થળાંતર થયેલા, મૃતક અને નકલી મતદારોના નામ હટાવાયા છે. વર્ષ 2002ની મતદાર યાદીના 31 લાખ 38 હજાર 374 મતદારોને આ પ્રક્રિયામાં સામેલ કરાયા નહતા. આ મતદારોને સુનાવણી માટે બોલાવાશે. આજથી શરૂ થયેલી આ સુનાવણી સાત ફેબ્રુઆરી 2026 સુધી ચાલશે.

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળમાં અંતિમ મતદાર યાદી 14 ફેબ્રુઆરી 2026ના રોજ પ્રકાશિત કરાશે.

----------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## LS ROZGAR AND AAJIVIKA MISSION

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે લોકસભામાં વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ ખરડો 2025 રજૂ કર્યો. આ ખરડો 20 વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ 2005નું સ્થાન લેશે. ખરડો વિકસિત ભારત 2047ના દ્રષ્ટિકોણને અનુરૂપ એક આધુનિક બંધારણીય માળખું સ્થાપિત કરશે. ખરડા અંતર્ગત દરેક ગ્રામીણ પરિવારના સ્વેચ્છાએ અકુશળ શારીરિક શ્રમ કરનારા પુખ્ત વયના વ્યક્તિને 125 દિવસનું રોજગાર સુનિશ્ચિત કરાશે.

ખરડો રજૂ કરતા શ્રી ચૌહાણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગરીબોના ઉત્થાન માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકાઈ રહી છે. તેમણે કહ્યું, આ ખરડા અંતર્ગત એક લાખ 51 હજાર કરોડ રૂપિયાથી વધુની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિમંત્રીએ કહ્યું, ખરડાથી ગામડાઓનો વ્યાપક વિકાસ સુનશ્ચિત થશે અને આત્મનિર્ભર તથા વિકસિત ગ્રામીણ ક્ષેત્રોના નિર્માણમાં મદદ મળશે.

----------

## LS BIMA BILL

લોકસભામાં આજે સબકા બીમા સબકી રક્ષા બીમા અધિનિયમ સુધારા ખરડો 2025 અંગે ચર્ચા શરૂ થઈ. આ વિધેયકના માધ્યમથી બીમા અધિનિયમ 1938, ભારતીય જીવન બીમા નિગમ અધિનિયમ 1956 અને બીમા નિયમનકારી તથા વિકાસ સત્તા અધિનિયમ 1999માં સુધારાની જોગવાઈ છે.

ગૃહમાં આ ખરડો રજૂ કરતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, આ ખરડો સારી નિયમનકારી દેખરેખ, પાલનમાં સરળતા અને બીમા મધ્યસ્થો દ્વારા અવિરત સેવાઓ સુનિશ્ચિત કરવાની જોગવાઈ કરે છે. તેમણે કહ્યું, ખરડાનો ઉદ્દેશ પારદર્શકતા લાવવી, પ્રત્યક્ષ વિદેશી રોકાણ વધારવું અને પાલન સાથે જોડાયેલી સમસ્યાઓને સરળ બનાવવાનો છે.

----------

# MATHURA ACCIDENT

ઉત્તરપ્રદેશના મથુરામાં આજે સવારે ચાર વાગ્યાની આસપાસ અનેક બસ એકબીજા સાથે અથડાતા 13 લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે 70થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મથુરાના બળદેવ વિસ્તારમાં યમુના ઍક્સપ્રેસ-વે પર સર્જાયેલા અકસ્માતમાં બસ અથડાવવાના કારણે વાહનોમાં ભીષણ આગ પણ લાગી હતી.

ગાઢ ધુમ્મસના કારણે દુર્ઘટના બાદ સ્થાનિક પોલીસ અને તંત્ર-એ તાત્કાલિક બચાવ અભિયાન હાથ ધર્યું. વરિષ્ઠ પોલીસ અધિક્ષક શ્લોક કુમારે જણાવ્યું, આ દુર્ઘટના વખતે મોટા ભાગના પ્રવાસી ઊંઘમાં હતા. હાલ ઈજાગ્રસ્તોની વિવિધ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. શ્રી આદિત્યનાથે તમામ સંસ્થાઓ અને અધિકારીઓને રાહત કાર્ય ઝડપથી કરવા નિર્દેશ આપ્યા છે. તેમણે મૃતકોના

નજીકના પરિવારજનને 2-2 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50-50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

બીજી તરફ, પ્રધાનમંત્રી કાર્યાલયે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી દરેક મૃતકના પરિવારજનોને બે લાખ રૂપિયાની સહાય અને ઈજાગ્રસ્તોને 50-50 હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

----------

## GOA FIRE CASE

ગોઆ પોલીસે ગોઆ નાઈટ ક્લબ આગ દુર્ઘટનાના ફરાર આરોપી સૌરભ લૂથરા અને ગૌરવ લૂથરાને દિલ્હી લવાતા તેમની ધરપકડ કરી છે. આ બંને બર્ચ બાઈ રોમિયો લેન આગ દુર્ઘટના બાદ તાત્કાલિક થાઈલેન્ડ ફરાર થઈ ગયા હતા, જ્યાંથી તેમનું પ્રત્યાર્પણ કરાયું છે. તમામ આવશ્યક કાયદાકીય ઔપચારિકતાઓ પૂર્ણ થઈ ગઈ છે અને વધુ તપાસ ચાલુ છે. આ દુર્ઘટનામાં 25 લોકોના મોત થયા હતા.

----------

## AYUSH JADHAV MEETING

કેન્દ્રીય આયૂષ મંત્રી પ્રતાપરાવ જાધવે નવી દિલ્હીમાં આયૂષ પર સંસદીય પરામર્શ સમિતિની બીજી બેઠકની અધ્યક્ષતા કરી. દરમિયાન શ્રી જાધવે ઔષધીય વાવેતરની ભૂમિકા પર ભાર આપતા કહ્યું, આ ખેડૂતોના સશક્તિકરણ અને જૈવ વિવિધતાને પ્રોત્સાહન આપવાનું મહત્વનું માધ્યમ છે.

તેમણે કહ્યું, સરકાર, સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા અને ટકાઉ આરોગ્ય પ્રણાલિના નિર્માણ પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે.

સાથે જ આયૂષ પ્રણાલિઓને રાષ્ટ્રીય આરોગ્ય દેખરેખ માળખાની સાથે જોડવા માટે સતત પ્રયાસ કરી રહી છે. નૅશનલ મૅડિકલ પ્લાન્ટ્સ બૉર્ડ – N.M.P.B.ની પહેલ પર પ્રકાશ પાડતા શ્રી જાધવે કહ્યું, ગત 25 વર્ષથી બૉર્ડ દેશભરમાં ઔષધીય છોડના સંરક્ષણ, વિકાસ અને વ્યવસ્થાપન પર કેન્દ્રીય ક્ષેત્રની યોજનાને લાગૂ કરી રહી છે. આયૂષ મંત્રીએ કહ્યું, ખેડૂતોને જાગૃત કરવા અને તેમની ક્ષમતા વધારવા માહિતી, શિક્ષણ અને સંચાર પ્રવૃત્તિઓ પર વિશેષ ભાર અપાઈ રહ્યો છે. વિવિધ રાજકીય દળના લોકસભા અને રાજ્યસભા સાંસદે ગઈકાલે યોજાયેલી આ બેઠકમાં ભાગ લીધો.

----------

## CRICKET U19 INDIA MALAYSIA

ઍશિયા કપ ક્રિકેટ – ACCમાં 19 વર્ષથી ઓછી વયની શ્રેણીમાં ભારતીય ટીમ સેમિ-ફાઈનલમાં પહોંચ્યું છે. દુબઈના ધ સૅવન્સ સ્ટૅડિયમમાં ભારતે આજે અંતિમ લીગ મુકાબલામાં મલૅશિયાને 315 રનથી હરાવ્યું. પહેલી બૅટિંગ કરતા ભારતીય ટીમે નિર્ધારિત 50 ઑવરમાં સાત વિકેટ ગુમાવી 408 રન બનાવ્યા હતા.

જ્યારે મલૅશિયાની સમગ્ર ટીમ 33-મી ઑવરમાં માત્ર 93 રનમાં જ આઉટ થઈ ગઈ. ત્યારબાદ અભિજ્ઞાન કુન્ડુને 209 રન કરવા બદલ પ્લૅયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા. જ્યારે ભારત તરફથી વેદાન્ત ત્રિવેદીએ 90 અને વૈભવ સૂર્યવંશીએ 50 રન બનાવ્યા હતા.

----------

## LS CHAUHAN

સરકારે પીએમ કિસાન યોજના લાગુ થયા બાદથી 21 હપ્તાના માધ્યમથી ચાર લાખ નવ હજાર કરોડથી વધુ રૂપિયાનું વિતરણ કર્યું છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન લેખિત જવાબમાં કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા દરેક ખેડૂત પરિવારને લાભ મળી રહ્યો છે.

તેમણે કહ્યું, પીએમ કિસાન યોજના હેઠળ ખેડૂતોની નોંધણી માટે કોઈ રાજ્યવાર લક્ષ્ય અને કોઈ બજેટ ફાળવવામાં નથી આવતું. શ્રી ચૌહાણે કહ્યું, એક કરોડ 32 લાખ 60 હજાર 543 ખેડૂત આ યોજના હેઠળ નોંધાયેલા છે અને તેમાંથી એક કરોડ 16 લાખ 89 હજાર 180 ખેડૂતને લાભ થયો છે.

----------

## DAY AMBASSADOR ETHIOPIA

**આજે અનેક દેશ આફ્રિકામાં પોતાનું વ્યૂહાત્મક રોકાણ વધારી રહ્યા છે. આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં ઇથોપિયામાં ભારતના રાજદૂત અનિલકુમાર રાયે કહ્યું, ભારત પણ અનેક પ્રકારે આફ્રિકી દેશ સાથે પોતાના સંબંધ મજબૂત કરી રહ્યા છે. તેમણે ખાસ કરીને ભારત દ્વારા આફ્રિકી દેશને અપાતી ઈ-આફ્રિકા નેટવર્ક અને ઈ-મૅડિકલ સેવાઓનો ઉલ્લેખ કર્યો.**